





મહાજંગમાં મહા નાટક : મહાનગરપાલિકાના મેયરની ચૂંટણીમાં રાજકીય ભવાઈના દ્રશ્યો ભજવાયા. ગાંધીનગરની ગરિમાને લજવતા દ્રશ્યો જોઈને પ્રત્યેક ગાંધીનગરાઓનું શરમથી માથું ઝૂંકી જાય છે. મહાનગરપાલિકાના સભા ખંડમાં કે પ્રવેશદ્વારે ઝપાઝપી, ગાળાગાળી, તોડફોડ અને સરકારી મિલકતને કરાતા નુકસાનના દ્રશ્યો શહેરના ઈતિહાસને કલંકિત કરી જાય છે. દિવાળીના પર્વોના પ્રથમ દિવસે જ નગરસેવકોની સભામાં રક્તરંજિત અને કલંકિત ઈતિહાસનું પાનું લખાયું. મહાનગરપાલિકાના મહાજંગની તસવીરી ઝલક...




## દિવાળીની રજાઓ છતાં પુસ્તક પરબે વાંચન રસિકોને આકર્ષ્યા

ગાંધીનગરમાં આજે નવેમ્બર માસના પ્રથમ રવિવાર નિમિત્તે આત્મ ફાઉન્ડેશન દ્વારા માતૃભાષા અભિયાન પ્રેરિત પુસ્તક પરબનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવાળીના દિવસોની રજા છતાં આજે પુસ્તક પરબમાં અંદાજે ૩૦૦થી વધુ મુલાકાતીઓ જોવા મળ્યાં હતા. પુસ્તક પરબ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા આજે ગાંધીનગરથી યુપીએસસી પાસ કરીને નવી દિલ્હી ખાતે દૂરદર્શનમાં ઉચ્ચ હોદ્દા પર નિયુક્ત થયેલા યુવા અધિકારી ઉત્સવ પરમાર તેમજ પર્યાવરણીય જાગૃતિ માટે કાર્યરત વન-વગડો ગૃપના સંચાલક કનુભાઈ યોગી જેવા મહેમાનો પધાર્યા હતા. પુસ્તક પરબમાં હંમેશની જેમ આ વખતે પણ અબાલ વૃદ્ધ તમામ વયના વાંચન રસિકોએ રસ દાખવ્યો હતો. આ પુસ્તક પરબમાં ૭૫૩ પુસ્તકો અને ૬૩૯ સામયિકો મળીને કુલ આવક ૧૩૯૨ની નોંધાઈ હતી. તેની સામે ૨૩૩ પુસ્તક અને ૧૪૨ સામયિકો સાથે કુલ ૩૭૫ની જાવક નોંધાવા પામી હતી. પુસ્તક પરબમાં સીમ્સ સંસ્થાના દિલીપભાઈ ચૌહાણ તથા તેમની ટીમે સ્વચ્છતા જાળવવા સહિતની પ્રસંશનીય સેવાઓ આપી હતી.

# પ્રાંતિજના તાજપુર પાસે વહેલી સવારે ગોઝારો અકસ્માત

## ઈકો કાર ઉભેલી ટ્રક પાછળ ઘુસી જતા કારચાલક સહિત બે ના મોત

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર પાસે વહેલી સવારે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં ઉભેલી ટ્રક પાછળ ઈકો કાર ઘુસી જતાં બે ના મોત નિપજ્યા હતા તો છ ને ઈજાઓ પહોચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના તાજપુર પાસે વહેલી સવારે અમદાવાદ તરફથી હિંમતનગર તરફ જતી ઈકો કાર નંબર-જીજે.૩.ડીએન.૫૦૩૦ આગળ ઉભેલ માલ વાહક ટ્રક નંબર-જીજે.૦૯.૧૬૬૨ની પાછળ ધુસી જતાં કારમાં સવાર આઠને ઈજાઓ પહોચી હતી જેમાં ઈકોકારચાલક કોનાભાઈ કાળાભાઈ પ્રસાદીયા ઉ.વર્ષ- ૩૦ રહે. રોહીસાળા, મોરબી તથા કારમાં સવાર મુકેશભાઈ ધનજી મેણા ઉ.વર્ષ-૨૬ રહે. ઉદેપુર બન્ને ને ગંભીર ઈજાઓ પહોચતા તેમને ૧૦૮ મારફતે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. અન્ય કારમાં સવાર દિનેશ શંકરજી મેણાં ઉ.વર્ષ-૧૯, રામલાલ શંકરલાલ મેણાં ઉ.વર્ષ.૧૬, ભેરુલાલ ધનરાજ મેણાં ઉ.વર્ષ.૧૯, તુલસીરામ બાલુરામ મેણાં ઉ.વર્ષ-૧૮, રાહુલ મોહનભાઈ મેણાં ઉ.વર્ષ- ૩૦, શાન્તીરામ શંકરરામ મેણાં ઉ.વર્ષ-૧૮ તમામે તમામ રહે. સરાડા ઉદેપુરને ઓછી વતી ઈજાઓ પહોચતા તેવોને પણ ૧૦૮ મારફતે પહેલા પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે પ્રાંતિજથી હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત એટલો ભયંકર હતો કે ઈકો કારને ક્રેન તથા ગ્રામજનોની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે હિંમતનગર પ્રાંતિજ ખાતે ખસેડવામાં આવ્યા હતા જેમાં કારચાલક કાનાભાઈ કાળાભાઈ પ્રસારીયા તથા મુકેશભાઈ ધનજી મેણાનુ સારવાર મળે તે પહેલાં બે ના મોત નિપજ્યું હતું તો દિવાળી વેકેશનને લઈને મોરબી સીરામીકમાં કામ કરતાં કુટુંબીઓ ભાઈઓ ઈકોકાર ભાડે કરી ઘરે જતાં હતાં તે દરમ્યાન પ્રાંતિજના તાજપુર પાસે ગોઝારીયો અકસ્માત નડ્યો હતો.



હવે વાહનચાલકોને આર.ટી.ઓ.ની તમામ સેવાઓ રાજ્ય સરકાર ઓનલાઈન પૂરી પાડશે


શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

આર.ટી.ઓ.ની તમામ સેવાઓ માટે ઓનલાઈન કર અને ફી ચુકવણી પ્રક્રિયા
https://parivahan.gov.in/parivahan/
વેબસાઈટ રાજ્યના તમામ નાગરિકો માટે ઉપલબ્ધ


શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વાહન અને લાયસન્સ સંબંધિત પ્રજાલક્ષી ઓનલાઈન સેવાઓ ઉપલબ્ધ

**વાહન સંબંધિત સેવાઓ** (Vahan Citizen Service)

- વાહન સંબંધિત તમામ સેવાઓ તથા તમામ પ્રકારના વાહનની ફી અને કર માટે https://parivahan.gov.in/parivahan/ => Online services => Vehicle Related Services વેબસાઈટની મુલાકાત લો. ઓનલાઈન પ્રક્રિયામાં સાયબર ટ્રેઝરી પોર્ટલ પરથી પેમેન્ટ કરવાથી અરજદારને કોઈ વધારાના ઓનલાઈન ચાર્જ લાગશે નહિ.

**ડ્રાઈવિંગ લાયસન્સ** હવે ઓનલાઈન

- ડ્રાઈવિંગ લાયસન્સની તમામ પ્રકારની સુવિધા માટે https://parivahan.gov.in/parivahan/ => Online services => Driving License Related Services વેબસાઈટની મુલાકાત લો. ડ્રાઈવિંગ લાયસન્સ રિન્યુઅલ, ડુપ્લીકેટ અને ડ્રાઈવિંગ લાયસન્સની માહિતી ગુજરાત રાજ્યની કોઈ પણ આર.ટી.ઓ. કચેરીમાં મેળવી શકાય છે, એપોઈન્ટમેન્ટ લેવાની જરૂર નથી, ડુપ્લીકેટ ડ્રાઈવિંગ લાયસન્સ અરજદાર ઘરે બેઠા લઇ શકે છે. લર્નિંગ લાયસન્સ માટે ફક્ત ₹૨૦/- માં https://egram.gujarat.gov.in પરથી અરજી કરી શકાશે.

**મોટર વાહનના પસંદગીના નંબરની ફાળવણીની ઓનલાઈન પ્રક્રિયા**

- તમારી પસંદગીનો વાહનનો નંબર મેળવવા https://parivahan.gov.in/parivahan/ => Online services => Fancy Number Booking વેબસાઈટની મુલાકાત લો.
- જે તે પ્રકારની સેવાઓ માટે લગતી માહિતી અને ફોર્મ અરજદાર www.rtogujarat.gov.in અને www.cot.gujarat.gov.in વેબસાઈટ પરથી પ્રિન્ટ કરી શકે છે.

બિનઅધિકૃત વ્યક્તિનો સંપર્ક કરવા કરતાં જાતે ઓનલાઈન કાર્યવાહી કરો,
ગુજરાત સરકારના પારદર્શક, તટસ્થ વહીવટ પૂરો પાડવાના પ્રયાસોમાં આપ પ્રત્યક્ષ સહભાગી બનો.

વડાપ્રધાનશ્રીના ડીજીટલ ઇન્ડિયા, ડીજીટલ ગુજરાતના સ્વપ્નને સાથે મળીને સાકાર કરીએ. -શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

https://cot.gujarat.gov.in
www.twitter.com/cotguj
www.facebook.com/cotguj

વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

100% ONLINE PAYMENT - 100% DIGITIZATION
Digital India, Digital Gujarat